Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ અને સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસનું સંચાલન કરતી કોલેજોના આચાર્યશ્રીઓને આથી જણાવવાનું કે, બી.બી.એ. અભ્યાસક્રમ બીજા વર્ગ સાથે પાસ કરેલ વિદ્યાર્થીને એમ.એ.–અર્થશાસ્ત્ર વિષયમાં પ્રવેશપાત્ર ગણવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા.૧૯/૦૪/૨૦૧૬ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ ૨૯ અન્વયે ટી.વાય.બી.એ.નાં અર્થશાસ્ત્ર વિષયનાં સેમેસ્ટર–૫ અને ૬ માંથી કોઈ પણ ત્રણ પેપર પાસ કરવાની શરતે પ્રવેશ આપવા ઠરાવેલ હોય જે વિદ્યાર્થીઓની જાણ સારુ આપની કોલેજના નોટિસ બોર્ડ પર મુકવા વિનંતી છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, બી.બી.એ. અભ્યાસક્રમ બીજા વર્ગ સાથે પાસ કરેલ વિદ્યાર્થીને એમ.એ.– અર્થશાસ્ત્ર વિષયમાં પ્રવેશપાત્ર ગણવા માટે કરેલ ભલામણ સ્વીકારી ટી.વાય.બી.એ.નાં અર્થશાસ્ત્ર વિષયનાં સેમેસ્ટર–૫ અને ૬ માંથી કોઈ પણ ત્રણ પેપર પાસ કરવાની શરતે એમ.એ. અર્થશાસ્ત્ર વિષયમાં પ્રવેશ આપી શકાય, અને જેનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ થી કરવો. ::

ક્રમાંકઃ પી.જી./ પ્રવેશ નિયમ/ ૬૬૨૧/૨૦૧૬
તા.૧૦/૦૫/૨૦૧૬

કુલસચિવ

પ્રતિ,

(૧) યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત

(૨) યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટ–ઈન–એઈડ અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ

(૩) યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસનું સંચાલન કરતી કોલેજો આચાર્યશ્રીઓ

.........જરૂરી ઘટિત કાર્યવાહી સારું.